જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૪/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૬૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૫ કેસ કરી, ૮૫ વ્યક્તિઓને ઝડપી, ૪૪૭ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૦ બિયર ટીન, ૦૩ મોટર સાયકલ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૮૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૬૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૫૭૦/૨૦૨૬**

પાલડીઃ મુકેશકુમાર મોહનદાસ વૈષ્ણવ (ઉ.વ.૪૦) (રહે. વસુધા એપાર્ટમેન્ટ વંદે માતરમ રોડ, સેન્ટર પોઈન્ટ પાછળ, ગોતા, ચાંદલોડિયા) એ તા.૨૧/૦૪/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૧/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન પાલડી ભદ્રા ઓનેસ્ટ રેસ્ટોરન્ટની બાજુમાં નીલકંઠ પ્લાજા પુજારા ટેલીકોમ દુકાન નંબર–૭ ખાતે મેનેજર તરીકે નોકરી કરતા અને અમદાવાદ મણીનગર ખાતે રહેતા વરૂણ ચંદુભાઇ ગજેરા (મુળ વતન. ગામ–રવની તા–વંથલી જી– જુનાગઢ) એ નોકરી દરમ્યાન રૂપિયા ૬,૨૪,૩૪૩/– કંપનીમાં જમા નહી કરી “પુજારા ટેલીકોમ પ્રાઇવેટ લીમીટેડ કંપની” સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ક્રિશ્ચયન ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૫૭૧/૨૦૨૬**

બોડકદેવઃ સિંધુભવન રોડ ગુજરાત અંબુજા એક્સપર્ટ લિમિટેડ અંબુજા ટાવર ખાતે ઇન્ટર્નલ ઓડિટરની નોકરી કરતા અવીલરાય કમલરાય લાલવાણી (ઉ.વ.૩૦) (રહે. સુરભી પાર્ક સોસાયટી ખારાવાલા કમ્પાઉન્ડ નજીક ઇસનપુર) તા.૨૦/૦૪/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે અંબુજા ટાવરનો સ્લાઇડર વાળો લોખંડનો દરવાજો બંધ કરવા જતા દરવાજો તેમના ઉપર પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સીમ્સ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૦૪/૨૦૨૬ કલાક ૦૩/૦૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એ.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી